

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

શું ક્યાં ખાવું, છે સ્વાતંત્ર્ય એ ભૂલી જાવ,
માછલી ને ઈંડા છે પૌષ્ટિક એ વાત ભૂલી જાવ,
ભૂલી જાવ, ખાવ મગદની પ્રસાદી લારી પર -
હશે બધું જ સત્ય પાઠ્યપુસ્તકમાં, તમે ભૂલી જાવ.

### હાઈકુ

નમે છે પલ્લાં
ને તૂટે છે તાટસ્થ્ય -
કોમી ત્રાજવે...

મતદારોનું
થાય છે વિભાજન
યૂંટણીલક્ષી

### ચિંતન

*તરુમૂલાદિપુ નિહિતં જલમાવિર્ભિવતિ પલ્લવાગ્રેષુ ।*
*નિભૃતં યદુપક્રિયતે તદપિ મહાનત્ વહન્તયુ યૈઃ ॥*

ઉપરોક્ત શ્લોક સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જે ઝાડના મૂળમાં પાણી રેડવામાં આવે પરંતુ તે પાણી જેમ ટોચે પલ્લવોમાં પુષ્પો ફળરુપે પ્રગટ થાય છે, એ રીતે જો સરળ જનોનું ખાનગીમાં ઉપકાર કર્યો હોય તો તે પણ તેઓ આગળ આવીને રજૂ કરે છે.

સરળ - યોગ્ય - લાયક વ્યક્તિ પર કરેલા ઉપકાર કદીય નિષ્ફળ જતા નથી ઉલ્ટું વિશેષ પણે પ્રભાવિત થઈ પ્રગટ થાય છે. આ વાત વૃક્ષના મૂળમાં સીંચેલું પાણી જેમ વૃક્ષની ટોચ સુધી પહોંચી ફળ આપે છે એ દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવી છે.

### સુવિચાર

- વક્ત સીખા દેતા હૈ ઈંસાન કો ફલસફા જીંદગી કા, ફિરતો,
  નસીબ ક્યાં, લકીર ક્યા ઔર તકદીર ક્યા - **સંતોષ 'રાઝ'**
- આદર જયારે પ્રમાણભાન વિના આગળ વધી જાય છે, ત્યારે આડંબર પ્રગટે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મેળવેલું ધન સાથે ન આવે, પરંતુ ધન મેળવવા માટે બંધાયેલું પાપ સાથે જ આવે છે - **મોરારિ બાપુ**
- કાબેલિયત ગમે તેટલી હોય, ટાઈમીંગ વગરની વિદ્વતા લીડેન્ડને લાયક વ્યક્તિને પણ બેવકૂફ તરીકે જ પ્રસ્તુત કરે છે - **ઈરફાન સાથિયા**
- વસ્ત્રથી ગાળેલ પાણી સ્વાસ્થ્ય ટકાવે,
  અને વિવેકથી ગાળેલ વાણી સંબંધ ટકાવે - **આચાર્ય વિજયપ્રતાપસુરીજી**
- સમય જયારે આંખ ફેરવી લે છે ત્યારે સિંહને પણ કૂતરા ઘેરી લે છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : ઘોડાવજ અને સૂંઠ વાટીને માથે ચોપડવાથી તરત માથાનો દુઃખાવો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક રાજયની જેલમાં ઘણા બધા કેદીઓ હતા. ઘણા વર્ષોથી જેલમાં દુઃખના દિવસો ગૂજરાતા હતા. રાજાએ તેઓ અનેકવાર મુક્ત કરવા માટે વિનંતી કરી ચૂક્યા હતા. પણ રાજા તેમને છોડવા તૈયાર ન હતા. એવામાં જૂનો રાજા વય નિવૃત્તિ થતા નવો રાજા આવ્યો. તેણે અચાનક જેલની મુલાકાત લીધી. જેલના કેદીઓની દયનીય સ્થિતિ જોઈ વિચાર્યું કે મારે કેદીઓની વાત સાંભળવી જોઈએ. હું તેમની ઈચ્છા ચોક્કસપૂર્ણ કરી શકું. તેમણે મોટા મેદાનમાં બધા કેદીઓને ભેગા કર્યા અને કહ્યું, 'આજે તમે જે માગો તે આપીશ. દરેક કેદીની એક માગણી હું મંજુર કરીશ.' કેદીઓમાં ખુશીનું મોજું ફરી વળ્યું. એક પછી એક ઈચ્છા જણાવવાની શરુઆત થઈ. એક બોલ્યો, 'બીજો બોલ્યો, 'મહારાજ! હું એમના એક કપડા પહેરીને કંટાળી ગયો છું મને દસ-બાર જોડી રંગબેરંગી કપડા અપાવો.'' ત્રીજો બોલ્યો 'અહીંયા મચ્છરના ત્રાસને કારણે ઊંઘ નથી આવતી, મચ્છરદાનીની વ્યવસ્થા કરો.' ચોથો બોલ્યો, 'અહીંનું જમવાનું બિલકુલ ફિકુ ફિકુ છે. અઠવાડિયામાં ત્રણ દિવસ મિઠાઈ - વગેરે જમાડો.' રાજાએ દરેકની માગણી સ્વીકાર કરી લીધી. છેક છેલ્લે એક કેદી આવ્યો એણે કહ્યું, 'મહારાજ! મને જેલમાંથી મુક્તિ આપો' રાજો એને તરત છોડી મૂક્યો.

# ભૂલકાંઓથી શાળાઓ ઊભરાશે

શાળાને માતા જેટલી જ વહાલી ગણતાં ભૂલકાં છેલ્લા વીસ માસતી એના સાંનિધ્યથી વંચિત હતા. શાળાએ જવા ટેવાયેલા કુમલી વયનાં બાળકો માટે 'કોરોના' એ શાળાના દરવાજા બંધ કરી દઈ એમને દયાજનક સ્થિતિમાં મૂકી દીધાં હતા. કહેવાતું 'ઓનલાઈન' શિક્ષણ ઘેર બેઠાં મોબાઈલ કે લેપટોપ પર લેવાતું હતું જે સાંઘત કૃત્રિમ અને અરુચિકર હતું. નાના બાળક માટે તો એની ટીચર પ્રત્યક્ષ હોય, પાસે એનો બાળગોઠિયો બેઠેલો હોય, બેલ વાગતાંની સાથે મેદાનમાં રમવા જવાનું હોય અને રિસેષમાં વળી ઘરેથી આણેલો બ્રેકફાસ્ટ માણવાનો હોય તેની લિજ્જત જ કંઈ ઓર પ્રકારની હોય. એને ઘરમાં ગોંધાઈ રહેવાનું તો ગમે જ નહીં. શાળા એને એક નોખું-અનોખું મુક્ત વાતાવરણ પૂરું પાડે છે. જયાં મમ્મી-પપ્પા કે ભાઈભાંડુ સિવાયની એક નવી દુનિયા સાથે એ હળતાંમળતાં અને ભળતાં શીખે છે. ત્યાં એને પોતાની ક્ષમતાને કસોટીએ ચડાવવાની તક પણ સાંપડે છે. એને નવા દોસ્તાર મળે છે, બહેનપણીઓ મળે છે અને મળે છે માબાપ કરતાં સવાયાં લાડ. શાળા એ શાળા છે, ઘર એ ઘર. બાળક માટે શાળા તો તીર્થભૂમિ છે. એનાથી વંચિત થઈ જવું એને પોસાય જ નહીં. પરંતુ કોરોનાએ વર્ષો દરમિયાન કદાચ પહેલી જ વાર આટલા લાંબા સમય માટે શાળાઓના દરવાજે 'નો એન્ટ્રી' નાં બોર્ડ લગાવી દીધાં હતાં. બાળકો માટે એ કોઈ નાની સૂની સજા નહોતી. એથી સરજાયેલ મનોવ્યથાનું સર્વેક્ષણ કરવામાં આવે તો ચોંકાવનારા પરિમાણો જોવા મળશે. બાળકોને થયેલ એ નુકશાનનો અંદાજ અત્યારે કદાચ ન પણ આવે. પરંતુ એમના વ્યક્તિત્વ - વિકાસમાં નડેલું આ વ્યવધાન એમને એમની જ વયનાં નોર્મલ સ્થિતિમાં રહેલા અને શાળાએ જવાનું સુખ મેળવી શકેલા બાળકોની સરખામણીમાં ખૂબ જ પ્રતિકૂળ પ્રભાવ હેઠળ મૂકતું વતરાશે. બાળ મનોવિજ્ઞાનના તજજ્ઞોએ આ બાબત વિગતે વિચારીને સરકારને સલાહસૂચનો કરવાની જરૂર છે. વ્યક્તિત્વ વિકાસમાં પાછળ પડી ગયેલાં એ ઘરકૂકડી થઈને 'ઓનલાઈન' ભણેલાં તથા વગર પરીક્ષાએ ઉપલા ધોરણમાં ધકેલાઈ ગયેલાં બાળકોને આગળ જતાં વધુ તનાવ અને પરિશ્રમ લઈ કારકિર્દી બનાવવી પડશે.

**તંત્રીસ્થાનેથી...**

રાજયના પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પોતે શિક્ષક તરીકે રહી ચૂકેલ હોઈ બાળકોને શાળાની કેટલી અનિવાર્યતા હોય છે તે સમજતા હતા. રવીન્દ્રનાથ ટાગોર જેવા સમૃદ્ધ અને સંપન્ન પરિવારના ફરજંદ માટે ઘેર બેઠાં ભણતરની વ્યવસ્થા થઈ શકે પરંતુ ખુદ રવીન્દ્રનાથને શાંતિનિકેતન જેવી વિદ્યાસંસ્થા શરૂ કરવાની ફરજ પડી હતી તે શું સૂચવે છે? શાળા એ બીજી મા છે. એનાં ધાવણ બાળકને પરિતૃપ્ત જ નહીં, પરિસ્કૃત પણ કરે છે. પ્રશ્ન છે જીવન સામે ચાઈનીઝ કોરોના જેવા જીવેલણ વાઈરસ દ્વારા સરજાયેલ પડકારને પહોંચી વળવાનો. એટલે સરકારે પણ શાણપણ વાપરીને આંતરા દિવસે બાળકોને વાલીની સંમતિ સાથે શાળાએ બોલાવવાનો નિયમ અમલી બનાવ્યો છે. કોરોના હવે નિયંત્રણ હેઠળ છે. વળી નજીકના ભવિષ્યમાં બાળખોને પણ રસી આપી શકાય એવા સંજોગો સરજાયા છે. કોરોનાની ધાક ઘણી લાંબી ચાલી અને હજી એના છમકલાં તો ચાલુ જ છે. સદ્ભાગ્ય હવે એ અગાઉ જેવો ઘાતક નથી રહ્યો. આ જ સમય છે આપણી ખડી પડેલી કેળવણીની ગાડીને ફરી પાટે ચડાવવાનો. શિક્ષણમંત્રીએ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ ગુજરાતમાં બાળકોના શૈક્ષણિક ભવિષ્યની ખેવના સેવી છે. વાલીઓ અને શાળા સંચાલકો કોરોના શિસ્ત જાળવી એનો અમલ કરે તે જરૂરી છે.

# રાષ્ટ્ર પ્રેમના - સેવાકાર્યોના દીવડા પ્રગટે છે



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'એક દીવો જવાનોના ત્યાગ, પરાક્રમ અને વીરતાના નામે પ્રગટાવીએ' રાષ્ટ્રના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આ વર્ષે સૈનિકો સાથે જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના નૌશેરા સેકટરમાં દીપોત્સવ પર્વ ઉજવ્યું ત્યારે કહ્યું હતું.

પ્રત્યેક ભારતીયના હૃદયમાં દેશની રક્ષા સરહદ પર કરી રહેલા અને આંતરિક સુરક્ષા કરી રહેલા જવાનો માટે અનહદ આદર અને વંદનનો ભાવ શ્વસે છે.

ગુજરાતની સરહદો પર ફરજ બજાવતા જવાનો પણ બારે મહિના પ્રાકૃતિક અને ઋતુગત વિષમતાઓ સહન કરીને ખડેપગે દેસની સુરક્ષા માટે સમર્પિત રહે છે. આવા સૈનિકો અને જવાનો માટે અમદાવાદને એક તબીબ અને તેમના ટ્રસ્ટ દ્વારા થઈ રહેલી સેવા ભાવનાની આછેરી ઝલક મેળવીએ.

અમદાવાદમાં જશોદાનગર વિસ્તારમાં આવેલી શિમ હોસ્પિટલ ચલાવતાં ડૉ. પ્રકાશ કુરમિ વ્યવસાયે તબીબ છે. એમના દિલમાં એમની હોસ્પિટલમાં આવતા, દર્દીઓના સ્વાસ્થ્યની ચિંતા તો છે જ, સાથે સાથે ભારત દેશની સરહદો પર ફરજ બજાવીને દેશના હિતની ચિંતા કરતા જવાનોના સ્વાસ્થ્યની સુરક્ષાની ભાવના પણ છે.

કિશોરાવસ્થાથી એમના હૃદયમાં રાષ્ટ્રપ્રેમના અને દેશ માટે વ્યક્તિગત રુપે પોતાના કાર્યક્ષેત્ર અને આવડત દ્વારા જે થઈ શકે તે કરવાના સંસ્કારોનું ઘડતર થયું હતું. છેલ્લા થોડા વર્ષોથી તેઓએ રાષ્ટ્રભાવનાથી પ્રેરિત થઈને એક નૂતન વિચારને અમલમાં મુક્યો છે અને તે છે સરહદ પર ફરજ બજાવતા જવાનોની સેવા કરીને સ્વયં રાજી થવાનો વિચાર. તેઓ મોટાભાગે સપ્તાહના વીક એન્ડના દિવસોમાં પોતાના વાહન લઈને ચેકપોસ્ટ પર જાય છે, ત્યાં જઈ જવાનોનું હેલ્થ ચેક-અપ કરે છે, સાથે ર-ડી ઈકો, સોનોગ્રાફી મશીન પણ લઈ જાય છે જેથી જરૂર પડે સ્થળ પર જ ટેસ્ટ થઈ શકે. તેમના નિદાનને આધારે બીજા સપ્તાહે તેમને જરૂરી દવાઓ અપાય છે. ડૉ. કુરમિ સાથે સેવાભાવી તબીબોની ટીમ જોડાય છે અને સહુ દેશની સુરક્ષા કરી રહેલા જવાનો માટે પોતાની ક્ષમતા અનુસાર કાંઈક સેવા કર્યાનો આનંદ અનુભવે છે. અત્યાર સુધીમાં આ ટ્રસ્ટ દ્વારા દસ હજારથી વધુ જવાનોનું હેલ્થ ચેકઅપ કરાયું છે. બીએસએફના કમાન્ડન્ટ શ્રી મનીષ રંજન કહે છે કે 'છેક અમદાવાદથી અહીં નિયમિતરુપે આવીને આવી સેવા પ્રવૃત્તિ કરતાં તબીબોની કામગીરી અભિનંદનીય છે.'

'અમે સરહદની ચેકપોસ્ટ પર આરોગ્ય કેમ્પની સાથે વૃક્ષારોપણ કરવા અને સરહદ પર મુખ્ય પોસ્ટ પછીની પોસ્ટ પર મુખ્ય પોસ્ટ પછીની પોસ્ટ પર સોલાર પેનલ મુકવાનું કામ પણ શરૂ કર્યું છે.' ડૉ. પ્રકાશ કુરમિ કહે છે.

ગુજરાત સરહદ પરની એક બટાલિયનના કેપ્ટન શ્રી સુજિતકુમાર કહે છે કે 'દર શનિ-રવિ જુદી જુદી સરહદો પર જઈને જવાનોના સ્વાસ્થ્યની સંભાલ લે છે તે પ્રશંસનીય કાર્ય છે.'

શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ ૨૦૦૭થી આરોગ્ય-શિક્ષણ જેવા અનેક ક્ષેત્રોમાં કાર્ય કરે છે. ગરીબ અને જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓ તથા દર્દીઓને એમનું સન્માન સચવાય એ રીતે મદદ કરાય છે. અમદાવાદ અને ગુજરાતના અન્ય વિસ્તારોમાં આ ટ્રસ્ટની સેવા પ્રવૃત્તિનો વ્યાપ છે નિયમિતરુપે કોઈને કોઈ આયોજનો થતા રહે છે અને સમાજે જે આપ્યું છે એનું ઋણ ચુકવવાનો નમ્ર પ્રયાસ થતો રહે છે. આપણી સંસ્કૃતિમાં આવકના દસ ટકા રકમ સમાજસેવામાં વાપરવા માટે પ્રેરણા આપવામાં આવી છે. ડૉ. કુરમિના પિતાશ્રીએ એમણે કમાણીની દસ ટકા રકમ સેવાકીય પ્રવૃત્તિઓમાં વાપરવા કહ્યું હતું અને આજે તેઓ આ વાતને આશીર્વાદરુપે અનુસરીને એમના ટ્રસ્ટ દ્વારા સેવાકીય આયોજનો કર્યા કરે છે. એમના આયોજનોમાં એમના પરિવાર, તબીબ મિત્રો અને સમાજના જુદા જુદા વર્ગના લોકોના ઉમળકાપૂર્ણ સાથ અને સહયોગ પ્રાપ્ત થતો રહે છે. એક તબીબ પોતાના વ્યવસામાં તો સતત પ્રવૃત્ત રહે છે, પરંતુ સાથે સાથે રાષ્ટ્રભાવના અને સેવાભાવથી પ્રેરાઈને નિજાનંદ માટે જયારે સાતત્યપૂર્ણ રીતે જોડાય છે ત્યારે સેવા પરમો ધર્મ : અને રાષ્ટ્ર દેવો ભવઃ સૂત્રના ચરિતાર્થ થવાનો આનંદ અનુભવાય છે અને રાષ્ટ્ર પ્રેમના - સેવાકાર્યોના દીવડા પ્રગટે છે. આપણે પણ જયાં કાર્ય કરીએ છીએ ત્યાં એ કાર્યક્ષેત્રમાં રહીને આવા કાર્યોમાં તેલ પુરવાનું કર્મ કરતા રહીએ અંતરમાં અજવાળા પાથરતા રહીએ.

# કિસ્સા જિંદગી કા બસ ઈતના હી થા જનાબ, જિંદગી બનાને કે ચક્કર મેં જિંદગી જીના હી ભૂલ ગયે!



**વિચારયાત્રા**

ડૉ. જય ઓઝા

**મારો પંડનો પડછાયો છે, પણ એની ખબર લે એવો ઓલિયો-ફિરસ્તો ક્યાં છે ?**
**મારા માથે આકાશ છે, પણ મારું આકાશ ક્યાં છે ?**
**સૌના મુખે ભાષા છે, પણ મારી ભાષા ક્યાં છે ?**
**મને શોધ છે –**
**મારા નામે અંકિત થાય તેવા સર્જનાત્મક સમયની;**
**મને શોધ છે –**
**મારા કામને કોળાવી દે એવા વિસ્મયની;**
**મારી પાસે પગલાં છે,**
**પણ એના માટે જાગતો-ઝૂરતો રસ્તો ક્યાં છે ?**
**મારો પંડનો પડછાયો છે,**
**પણ એની ખબર લે એવો ઓલિયો-ફિરસ્તો ક્યાં છે ?**
**મને શોધ છે –**
**મારા અવકાશને કલ્લોલાવે એવા કલરવની;**
**મને શોધ છે –**
**મને પાંખાળો કરે એવા પવનના પનોતા પદરવની;**
**મારી પાસે દરિયો છે,**
**પણ તળિયાના તેજના મનમોજી મરજીવા ક્યાં છે ?**
**મારી પાસે દુનિયા છે,**
**પણ દૈવતના દેશના અમિયલ દૃષ્ટિના દિવા ક્યાં છે ?**

**- ચંદ્રકાન્ત શેઠ**

આ સમયે તદન નવા સમીકરણો સાથે નવા આયામો અને નવા જ પ્રકારના અનુભવો સાથે જ જીવવાનો આવ્યો છે. અત્યારે શારીરિક નહીં પરંતુ માનસિક રીતે વ્યથિત કરી દેતી પરિસ્થિતિઓ હર એક પરિવારમાં એક યા બીજા કારણોસર ઉદ્ભવી રહી છે. દેખીતા કારણો અલગ અલગ હોઈ શકે જેમકે, કોઈ જગ્યાએ શારીરિક એટલે કે બીમારીનું કારણ હોય તો વળી બીજી જગ્યાએ આર્થિક કારણો હોય સામાજિક કારણો હોઈ શકે.

અત્યારે સંબંધો કસોટીની એરણે ચઢયા છે, તો વળી પૈસા અને તેના દ્વારા ઉદભવતા ગરજાઉ સપાટી ઉપરના સગાઓ કે જે વહાલાઓ નથી તે ઓળખાઈ રહ્યા છે. અત્યારૈ દ્વહેૈંઅ જઅજીદ્વ વધારવા માટેના ઘણા ડોશી વૈદ્ય બજારમાં મળે છે પરંતુ કમ્યુનિટી સિસ્ટમને સામાજિક સ્થિતિઓને સુદઢ બનાવવાના કોઈ જ કારગર ઉપાયો જડતા નથી. અત્યારે ઈચ્છા હોવા છતાં સગાઓ સગાની પાસે ઊભા રહી શકતા નથી ત્યારે સ્વયં ચેતનાથી જ આગળ વધવું આવશ્યક બની ચૂક્યું છે. મારું પોતાનું આકાશ મારા પોતાના પગલાં મારા પોતાના વિચારો મારો પોતાનો મનનો ઓરડો આ બધી જગ્યાએ પહોંચવાનું આ તો એક નિમિત્ત બન્યો છે કોરોના.

ઘણીવાર આપણે એવી બૂમો પાડતા હોઈએ છીએ અને જે સાચી પણ છે કે આપણે આપણી માટે કશું કરી શકતા નથી. આપણે આપણો અવાજ અનુસરી શકતા નથી આપણે આપણું અસ્તિત્વ ઉજવી શકતા નથી. તો પછી લ્યો અવસર આવી ગયો છે. આપણે આપણી માટે, આપણા વિચારોને આપણી માનસિક સ્થિતિને એટલી હદે મજબુત બનાવીએ કે જેથી કરીને કોઈ કોરોના આપણને પાંગળા ન બનાવી શકે.

કવિએ આ કવિતામાં જે શબ્દો વાપરે છે તે વાંચીને મજા પડી જાય છે કોળાવી દે, કલ્લોલાવે, અમિયલ દૃષ્ટિ .....આ બધા શબ્દો વાંચ્યા ત્યારે ધ્યાનમાં આવે કે આપણી ગુજરાતી ભાષા કેટલી સમૃદ્ધ છે અને આપણે ઘણી વખત વારંવાર એકના એક શબ્દો વાપરીએ છીએ. પરંતુ વાસ્તવમાં આપણી ભાષા પાસે પુષ્કળ નાવીન્યસભર શબ્દોની ભરમાર છે.

ખેર આ સમયે કે જ્યારે આપણે સમાજમાં હોવા છતાં પણ એકલા છીએ. પરિવારમાં હોવા છતાં પણ વિભક્ત છીએ. ત્યારે આપણે બધી જ ફરિયાદને શમાવવાનો સમય થઈ ગયો છે. જે ફરિયાદો આ કવિતામાં કવિએ કરી છે મારા પંડનો પડછાયો, પંડના પડછાયાની ખબર આપણે ભાગ્યેજ લેતા હતા. આપણામાં જે માહ્યલો છે એની ખબર કાઢવાનો સમય આપણને મળ્યો છે.

આપણે હંમેશા બૂમો પાડતા આવ્યા છીએ કે બચપણ ગયું એટલે વિસ્મય પણ ગયું, પણ ખરું તો એ છે કે વિસ્મયને માત્ર બચપણ સાથે નિસ્બત નથી જ નથી. વિસ્મય તો તમારું, મારું સૌનું હર હંમેશ આપણી પાસે જ હોય છે. અવનવી ઘટનાઓમાં હોય છે, અવનવા પ્રસંગોમાં હોય છે. સવારના સૂર્યોદયમાં હોય છે અને સાંજના સૂર્યાસ્તમાં હોય છે. પક્ષીઓના કલરવમાં હોય છે. ખિસકોલીની ચડ-ઉતરમાં હોય છે. ગલુડિયાની દોડાદોડીમાં હોય છે. કાબરની કિલકારીઓમાં હોય છે. સાંજે આકાશમાં રચાતા વાદળોના કેનવાસ પર હોય છે. આ બધા વિસ્મય શું માત્ર બચપણમાં જ દેખાતા હોય છે ? આ બધું તો જીવનભર આપણી આસપાસ હોય છે. હા એમ કહો કે બચપણમાં તમે આ વિષયોને માણી શકતા હતા. આ જ ચિત્રોને આ ઘટનાઓને વિસ્મય ગણી શકતા હતા ત્યારબાદ આપણે આપણા રુટિનમાં એવા તો અટવાયા કે આ બધી વિસ્મયકારી પળોને આપણે માત્ર રૂટીન બનાવી દીધું. સવારે ઉઠીને બ્રશ કરવું જેમ ફરજિયાત છે તેમ સૂર્યને અર્ઘ્ય અર્પવો ફરજિયાત બની ગયો. અર્ઘ્ય અર્પતી વખતે તે સૂર્ય પાસેથી ઊર્જામાં લેતી વખતે એ સૂર્યના કિરણો જળની સપાટી અને જળ વચ્ચેની પારજાંબલી કિરણો આપણા શરીર સુધી પહોંચે છે એ અનુભવવાને બદલે માત્ર એક કળશ સૂર્યને ચડાવી દેવાની આપણે વિધિ બનાવી દીધી. સવારે પક્ષીને ચણ નાખવા જવાની આદત વિસ્મય છે પણ એ વિસ્મયને પણ આપણે માત્ર બે મિનિટનું રોજિંદુ કાર્ય બનાવી દીધું.

દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે ની અંદર અમરીશ પુરી પંજાબના કોઈ ખેતરમાં પોતાના કબૂતરોને ચણ નાખતો હોય અને પાછળ શાહરુખ ખાન જેમતેમ ધોતિયું પહેરીને એની જેમ ચણ નાખવાની ક્રિયા પિક્ચરમાં કેટલી બધી મહત્ત્વપૂર્ણ છે ! ત્રણ કલાકના પિક્ચરમાં બે વખત ચણ નાખવાની આ વાત એ સીનને આદીત્ય ચોપરાએ કેવો સરસ ઝીલ્યો છે ! આપણા જીવનમાં તો આ ક્રિયા રોજ બને છે કબૂતરોનું ઘૂ ઘૂ. સાંભળતા સાંભળતા અને રોજ એક જેવા કબૂતરો આવતા હોય તેમાં એકાદ દિવસ કોઈ કાબરચીતરાં કબૂતર જોઈને આંખોમાં કેમ વિસ્મય નથી ચાલતું ! ખરેખર તો આજે પક્ષીઓ પાસે અને કુદરત પાસે જવાનો સમય આવ્યો છે. કારણ કે માણસ વગર જીવતા આ કુદરત આપણને ક્યારેય કોરોનાવાયરસ ભેટમાં નથી આપવાનો. માણસને માણસથી ચેતવાનું છે પશુ-પંખી વનસ્પતિની નજીક જવાથી માણસ પોતે ચોખ્ખો જ બનવાનો છે મનથી અને શરીરથી બંને રીતે.

સ્વયં સાથે સંવાદ કરવાનો ઉત્તમ સમય છે.

jayuoza@gmail.com,
Mo.9898046488

# સારા શબ્દો બોલતા ન આવડે તો ચાલે પણ સારા શબ્દો ઝીલી લેતા આવડવા જોઈએ



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

અર્થ ઉપાર્જન એક હદ સુધી જરૂરી છે. પરંતુ, જીવનમાં જેનું સદાય મહત્વ રહ્યું છે એવી વાત તો બૌદ્ધિક ક્ષમતાની છે. એ વાત તો નિર્વિવાદ છે કે, પૈસા કરતાં પણ જેનું વધારે ચલણ છે એવી ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી જ સાચી પ્રોપર્ટી છે. કૌશલ્ય નિર્માણના પગલે નાણાં અને સત્તા ખુદ બખુદ દરવાજે દસ્તક દેતા ઊભા રહે છે. જ્ઞાનની કોઈ સીમા હોતી નથી અને જ્ઞાનનું કોઈ મૂલ્ય આંકી શકાતું નથી. એક રાજકુમારની મજેદાર કહાની છે. આ રાજકુમાર જ્ઞાનપીપાસુ હતો.



નગરમાં જે કોઈપણ પ્રબુદ્ધ વ્યક્તિ રાજકુમાર સાથે જ્ઞાનસભર વાત કરતો એને રાજકુમાર ધન દૌલત આપીને નવાજતો. આખા નગરમાં આ વાત જંગલની આગની જેમ પ્રસરી ગઈ. નગરના વિચારકોની ભીડ પ્રતિદિન રાજકુમારના કક્ષમાં ભરાતી. રાજકુમાર એમની પાસેથી અમુલ્ય જ્ઞાનસભર જાણકારી મેળવતા અને લખલુટ નાણાં આપી નગરના પ્રબુદ્ધોને ખુશ કરતાં.

રાજકુમારની આ વર્તણૂંક જોઈને રાજાના મંત્રીના પેટમાં તેલ રેડાયું. એણે રાજકુમારની આ વાત રાજાને કહી રાજાની સામે રાજકુમારની દોલત ઉડાવવાની વાત પ્રસ્તુત કરતાં કહ્યું કે, 'જો રાજકુમાર આજ રીતે ધન દૌલત ઉડાવતા રહેશે તો રાજકોષ આગામી ટુંક સમયમાં તળીયા ઝાટક થઈ જશે.લ્ન મંત્રીની વાતની ખરાઈ કરવા રાજાએ રાજકુમારના ખર્ચનો હિસાબ મંગાવ્યો. મંત્રીની વાત સાચી નીકળી. રાજાએ રાજકુમારને દેશનિકાલનો આદેશ આપ્યો. રાજકુમાર તત્કાલ નગર છોડીને ચાલવા લાગ્યા. એવામા દ્વારપાળે આવીને એક ડબ્બો રાજકુમારને આપીને કહ્યું, 'રાણી સાહેબાએ આ ડબ્બો તમારા માટે મોકલાવ્યો છે.' રાજકુમાર ડબ્બો લઈને ચાલવા માંડ્યા. ભુખ લાગતા રાજકુમાર નગરની બહાર તળાવ કિનારે બેસીને ડબ્બો ખોલીને ભોજન કરવા લાગ્યા. ડબ્બામાં ત્રણ લાડુ હતા. એ ત્રણેય લાડુમાં એક એક લાખનો કિમતી હીરો હતો. રાજકુમારે ત્રણેય હીરા સાચવીને પોતાની પાસે રાખ્યા અને આગળ સફર કરવા લાગ્યા.

થોડાક સમયમાં રાજકુમારને એક સુંદર મકાન દેખાયું એ મકાનની આગળ એક સફેદ કપડું લટકાવેલું હતું. એ સફેદ કપડાની આગળ એક વ્યક્તિ ઢોલ વગાડતાં બોલતો હતો કે, 'અહીં અક્કલ મળે છે.' રાજકુમારને આશ્ચર્ય થયું. આ તે કેવી દુકાન કે જ્યાં અક્કલ મળે ? રાજકુમારે પેલા ઢોલીને કહ્યું, 'મારે અક્લ ખરીદવી છે.'ઢોલીએ રાજકુમારને કહ્યું કે, 'અહીં અક્કલનો ભાવ એક હજાર અને એક લાખ છે.' રાજકુમારે કહ્યું, 'કશો વાંધો નહીં.' ઢોલી રાજકુમારને અંદરના કક્ષમાં લઈ ગયો. કક્ષમાં એક વૃદ્ધ ઢોલીયા ઉપર બેઠા હતા. એમણે રાજકુમારને પૂછ્યું, 'ભાઈ, તમારે કેટલાની અક્કલ લેવી છે. હજારની કે લાખની.'

રાજકુમારે મનોમન વિચાર્યું મારી પાસે એક એક લાખના ત્રણ હીરા છે. એક હીરો આપીને પહેલા પ્રથમ વાત જાણું. રાજકુમારે વૃદ્ધને કહ્યું કે, 'મને એક લાખ રૂપિયાની વાત કરો. લો આ એક લાખ રૂપિયાનો એક હીરો છે.' વૃદ્ધે કહ્યું, ધ્યાનથી સાંભળો. મારી પહેલી વાત છે, 'ગમે તેવા મહત્વના હજાર કામ છોડીને પણ પહેલા ભોજન કરી લેવું જોઈએ.લ્ન

રાજકુમારે વિચાર્યું કે, આ તો બિલકુલ સાધારણ વાત છે. છતાં પણ વધુ ચકાસણી કરવા એણે કહ્યું, 'લો આ બીજો એક લાખનો હીરો મને બીજો વિચાર આપો.' વૃદ્ધે બીજો વિચાર આપતાં કહ્યું કે, 'કોઈનો પણ વ્યભિચાર હોય તો એને જાહેર ન કરવો.' હવે રાજકુમારથી રહેવાયું નહીં કારણ કે, તે જ્ઞાનપીપાસુ હતો. એમણે ત્રીજો હીરો આપીને પણ કહ્યું કે, 'મને હવે ત્રીજી વાત પણ કરી જ દો.' વૃદ્ધે ત્રીજી લાખ રૂપિયાની સલાહ આપતાં કહ્યું કે, 'જે વ્યક્તિ કાચા કાનનો હોય એવા વ્યક્તિ પાસે ક્યારેય નોકરી ન કરવી.' વૃદ્ધની ત્રણેય વાત મગજમાં ઉતારીને રાજકુમાર આગળ વધ્યો અને એક બીજા નગરમાં પહોંચી ગયો. જીવન નિર્વાહ માટે એક નગરશેઠને ત્યાં રાજકુમાર નોકરીએ લાગ્યા. રાજકુમારમાં બૌદ્ધિક કુશાગ્રતા તો હતી જ એટલે ટુંક સમયમાં નગરશેઠના મુખ્ય મુનિમ બની ગયા. એક દિવસ નગરશેઠને કોઈ કામ માટે નગરની બહાર જવાનું થયું. રાજકુમાર મુનિમને નગરશેઠે અગત્યના કાગળો તેમના નિવાસસ્થાને મૂકવાનુ કામ સોંપ્યું. રાજકુમાર એ કાગળો આપવા માટે શેઠના ઘરે ગયા ત્યારે શેઠાણી સાથે દૂર્વ્યવહાર કરતાં શેઠના એક બીજા કર્મચારીને રાજકુમારે જોયો. રાજકુમાર કશું જ બોલ્યા વગર શેઠે આપેલા કાગળ ઘરે મૂકીને પાછા વળી ગયા. પરંતુ શેઠાણી અને પેલા કર્મચારીએ રાજકુમારને જોઈ લીધા. બન્ને જણા ગભરાઈ ગયાં. એમણે તરકટ રચ્યું. સાંજે શેઠ ઘરે પરત ફરતાં શેઠાણીએ રડતા રડતા મુનિમ રાજકુમાર ઉપર ખોટો આરોપ મૂકતાં કહ્યું કે, 'તમારી ગેરહાજરીમાં આ નવા મુનિમે ઘરે આવીને મારી સાથે અણછાજતું વર્તન કર્યું છે.લ્ન શેઠ ક્રોધે ભરાયા અને નગરના કોટવાલને એક પત્ર લખ્યો કે, 'આ પત્રને લઈને આવનાર વ્યક્તિએ વ્યભિચાર કર્યો છે અને એ વ્યક્તિ આવતાં વેંત એનું માથું ઉતારી લેજો.લ્ન

પત્ર પરબિડીયામાં મૂકીને શેઠે રાજકુમાર મુનિમને કહ્યું, 'આ પત્ર લઈને તમે તાત્કાલિક કોટવાલ પાસે પહોંચોલ્ન રાજકુમાર શેઠની આજ્ઞાનુસાર કોટવાલને પત્ર આપવા નીકળી પડ્યા. માર્ગમાં શેઠના મિત્રની દીકરીના લગ્ન હતા. શેઠના મિત્ર રાજકુમાર મુનીમને ઓળખે. દીકરીના પીતાએ મુનિમ રાજકુમારને કહ્યું, 'ભોજનનો સમય થઈ ગયો છે. તમે ભોજન કરી લો'

રાજકુમારે કહ્યું, 'મારે આ અગત્યનો કાગળ અત્યારે જ કોટવાલને પહોંચાડવાનો છે.'

શેઠના મિત્રે કહ્યું, 'તમે ચિંતા ન કરો. હું બીજા કોઈને આ પત્ર કોટવાલને પહોંચાડવા આપી દઉં છું.'

રાજકુમારને પેલા વૃધ્ધની એક લાખ રૂપિયાની વાત યાદ આવી કે ગમે એટલું અગત્યનુ કામ હોય સમયસર ભોજન પ્રથમ કરી લેવુ. રાજકુમાર ભોજન કરવા બેઠા. દરમિયાનમાં શેઠના મિત્રએ ત્યાં ભોજન કરીને ઊભેલા નગરશેઠના પેલા કર્મચારીને બોલાવ્યો કે જે શેઠાણી સાથે વ્યભિચાર કરતો હતો. પરબીડીયું લઈને એ કર્મચારી કોટવાલ પાસે ગયો. કોટવાલે પત્ર વાંચતા વેંત એ કર્મચારીને પકડીને જલ્લાદને સોંપી દીધો. મુનિમ રાજકુમાર જ્યારે પરત નગરશેઠ પાસે પહોંચ્યા ત્યારે આખી ઘટનાની તેમને જાણકારી મળી. મુનિમ રાજકુમારે સગી આંખે જોયેલી શેઠાણી અને શેઠના કર્મચારીની સમગ્ર ઘટના શેઠને કહી. શેઠ ખૂબ દુઃખી થયા અને મુનિમ રાજકુમારની માફી માગી. પરંતુ મુનિમ રાજકુમારને પેલા વૃદ્ધની ત્રીજી અને અંતિમ વાત યાદ આવી કે કાચા કાનના વ્યક્તિ પાસે ક્યારેય નોકરી ન કરવી. તેમેણે શેઠને હાથ જોડીને ત્યાંથી વિદાય લીધી.

આમ તો આ એક પ્રચલિત વાર્તા છે પરંતુ, એનો મર્મ ખૂબ સમજવા જેવો છે. બૌદ્ધિક કૌશલ્ય પાછળ ખર્ચવામાં આવેલી રકમ હંમેશાં ઊગી નીકળતી હોય છે. ધન દોલતનો એવી જગ્યાએ ઉપયોગ કરવો જોઈએ કે, તેનાથી વ્યક્તિના વ્યક્તિત્વનો, બૌદ્ધિક કૌશલ્યનો અને વૈચારિક સમૃદ્ધિનો વિકાસ થઈ શકે. રાજકુમારે તેની સંપત્તિનો જ્ઞાન મેળવવા ઉપયોગ કર્યો તે એમના જીવનમાં શ્રેષ્ઠ પૂરવાર થયો. એ જ રીતે વ્યક્તિનો પોતાના વિચારોને વિકસાવવા માટે ઉપયોગમાં લીધેલુ ધન વિકાસનો રાજમાર્ગ બને છે.

**ધબકાર :**

**સારા શબ્દો બોલતા ન આવડે તો ચાલે પણ સારા શબ્દો ઝીલી લેતા આવડવા જોઇએ.**